સત્યમેવ જયતે

દાખલ તારીખ :-   ૧૪-૦૫-૨૦૨૫
નોંધણી તારીખ :- ૧૪-૦૫-૨૦૨૫
ફેંસલ તારીખ :-   ૧૮-૦૩-૨૦૨૬
સમયગાળો :-   **<u>વર્ષ-માસ-દિવસ</u>**
**૦૦ - ૧૦ - ૦૪**

---

**પાટણ જીલ્લાના મહે.સ્પેશ્યલ જજ(પોકસો) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

---

**સ્પે.પોકસો કેસ નં.૧૩/૨૦૨૫**
**આંક :- ૬૧**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :-**
(૧) **દિપકકુમાર સર્જનસિંહ રયજીભાઇ સોલંકી,**
ઉં.વ.આ.૨૪, ધંધો : મજુરી,
રહે.પીપળીયા, બહુચર માતાજીના મંદિરની બાજુમાં,
કાંકણપુર, તા.ગોધરા, જી.પાટણ.
(૨) **મનોજ ફતેસિંહ છોટાભાઇ પરમાર,**
ઉં.વ.આ.૩૯, ધંધો : મજુરી,
રહે.લાલાના મુવાડા, સેવાલીયા, તા.ગળતેશ્વર,
જી.ખેડા.
(૩) **વિજયકુમાર મોહનભાઇ લાલાભાઇ બારીયા,**
ઉં.વ.આ.૩૬, ધંધો : મજુરી,
રહે.છકડીયા, તા.ગોધરા, જી.ખેડા.

---

**આરોપ :-** ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૪૨, ૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબ.

---

**એડવોકેટ :-** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.
આરોપી તરફે વિ.વકીલશ્રી જે.સી.ઠાકોર.

---

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૨૨/૦૧/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૦૧/૦૨/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૪/૦૫/૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૦૭/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૧૮/૦૯/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | તા.૧૮/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | તા.૧૮/૦૩/૨૦૨૬ |

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિપકકુમાર સર્જનસિંહ રયજીભાઇ સોલંકી | ૨૨/૦૪/૨૦૨૫ | યુ.ટી.પી. | બી.એન.એસ.એસ.કલમ –૧૩૭(૨), ૮૭, ૬૪ (૨)(એમ), ૬૫(૧), ૧૪૨, ૫૪ તથા પોકસો એકટની કલમ–૪(૨), ૫(એલ),૬,૧૧(૪),૧૭ | છુટી ગયો | –– | ૧૦ માસ, ૨૪ દિવસ |
| ૨. | મનોજ ફતેસિંહ છોટાભાઇ પરમાર | ૧૯/૦૪/૨૦૨૫ | ૦૨/૦૫/૨૦૨૫ | ઉપર મુજબ | છુટી ગયો | –– | ૧૩ દિવસ |
| ૩. | વિજયકુમાર મોહનભાઇ લાલાભાઇ બારીયા | ૨૨/૦૪/૨૦૨૫ | ૦૯/૦૫/૨૦૨૫ | ઉપર મુજબ | છુટી ગયો | –– | ૧૭ દિવસ |

## –:: ઠ રા વ ::–

**(૧)** આ કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૪૨, ૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ–૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** નામદાર સુપ્રિમ કોર્ટે **નિપુન સકશેના વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા, ૨૦૧૯(૧) એસીઆર પેજ નં.૬૬૩** ના ચુકાદામાં આપેલ ડાયરેકશન મુજબ તથા પોકસો એકટની કલમ–૩૩(૭) મુજબ ભોગ

બનનારની ઓળખ જાહેર ન થાય તે માટે આ જજમેન્ટમાં તેણીના નામનો કોઇ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૩) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે ફરીયાદ ભોગ બનનારના માતાએ આપેલી છે. બનાવ વખતે તેમની ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૭ વર્ષ અને ૦૬ માસની હતી અને તેમની ભોગ બનનાર દિકરીની જન્મ તા.૧૦/૦૭/૨૦૦૭ ની છે. તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ફરીયાદી તથા તેમના પરિવારના સભ્યો જમી પરવારીને રાત્રે સુઇ ગયેલા અને તા.૨૨/૦૧/૨૦૨૫ ના રોજ વહેલી સવારે સાડા છ વાગે ફરીયાદી જાગેલ અને જોયેલ તો તેઓના ઘરનો દરવાજો ખુલ્લો હોઇ અને ભોગ બનનાર તેણીના ખાટલામાં ન હોઇ, તેઓએ તેણીની ઘરની આજુબાજુમાં શોધખોળ કરતા તેણી મળી આવેલ ન હોઇ, ફરીયાદીએ તેમના પતિને જગાડીને વાત કરેલ અને બાદ તેઓએ ગામમાં તથા સીમ વિસ્તારમાં શોધખોળ કરેલી, પરંતુ ભોગ બનનારની કોઇ ભાળ મળેલ નહીં. બાદ ભોગ બનનારની શોધખોળ દરમ્યાન તેઓના સમાજના અશોકજી ગાંડાજી ઠાકોરના પરિચયમાં ભોગ બનનાર હોવાની હકીકત, તેઓ બધા અશોકજીના ઘરે ગયેલા તો અશોકજી ઘરે હાજર મળેલ અને તેઓને ભોગ બનનાર વિશે પુછતા તેઓએ કહેલ કે, બે દિવસ પહેલા ભોગ બનનારનો ફોન આવેલો અને તેમને કહેતી હતી કે, હું ભાગી જવાની છું. જેથી તેમણે તેણીનો ફોન કટ કરી દીધેલ હતો તેવી વાત કરતા તેની પાસેથી ભોગ બનનારનો ફોન નંબર લઇ તે ફોન નંબર ઉપર ફોન કરતા ફોન સ્વીચ ઓફ આવેલ અને ત્યારબાદ પણ ભોગ બનનારની શોધખોળ કરવા છતા તેણીની કોઇ ભાળ મળી આવેલ ન હોઇ, ફરીયાદીએ આ સબબની હારીજ પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ નોંધાવેલી. સદર ફરીયાદ રજીસ્ટર થતા હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૭૦૦૯૨૫૦ ૦૮૪/૨૦૨૫ થી નોંધી અને આ અંગેની તપાસ કરનાર અમલદારે તપાસ કરેલી. તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા અન્ય સાહેદોના નિવેદનો લઇ, જરૂરી પંચનામા કરીને, ભોગ બનનાર તેમજ આરોપી નંબર-૧ ની મેડીકલ તપાસ કરાવીને પૂરાવા એકઠા કરેલા. મુદ્દામાલ કપડા અને નમુનાઓ એકત્ર કરી એફ.એસ.એલ. ખાતે મોકલી

આપેલા. સંપૂર્ણ તપાસના અંતે ભોગ બનનાર દિકરી સગીર વયની જણાઇ આવતા તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૪૨, ૫૪ તથા પોકસો એકટની કલમ–૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ હેઠળનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ, પાટણમાં રજુ કરેલુ.

(૪) આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરાવી તેઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૨ થી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૪૨, ૫૪ તથા પોકસો એકટની કલમ–૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–૧૩ થી આંક–૧૫ સુધીથી આરોપીઓના નિવેદનો લેતા, આરોપીઓએ તેઓની સામેના ગુનાનો ઈનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા, આરોપીઓ સામેનો કેસ સાબિત કરવા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા રજુ કરવા મુકરર કરવામાં આવેલ.

(૫) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરેલા છે.

| સાહેદ નંબર | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | ભરતજી પ્રહલાદજી ઠાકોર | તલાટી કમ મંત્રી | ૧૭ |
| ૨. | કૌશિકકુમાર કાંતિલાલ પંચાલ | પ્રાથમિક શાળાના આચાર્ય | ૨૨ |
| ૩. | ડો.રૂત્વાબેન નરેન્દ્રભાઈ શાહ | ભોગ બનનારની તપાસ કરનાર ધારપુર હોસ્પિટલના મેડીકલ ઓફિસર | ૨૭ |
| ૪. | ડો.ભુમિબેન ખુશાલભાઈ પરમાર | આરોપીની તપાસ કરનાર હારીજ સી.એચ.સી.ના મેડીકલ ઓફિસર | ૩૨ |
| ૫. | ડો.ૠત્વી કેતનભાઇ ઠકકર | ભોગ બનનારની તપાસ કરનાર હારીજ સી.એચ.સી.ના મેડીકલ ઓફિસર | ૩૬ |
| ૬. | ભોગ બનનારના પિતા | ભોગ બનનારના પિતા | ૪૦ |
| ૭. | ભોગ બનનારના માતા | ફરીયાદી | ૪૧ |
| ૮. | ભોગ બનનાર | ભોગ બનનાર | ૪૩ |
| ૯. | નિરવકુમાર અમૃતલાલ શાહ | તપાસ કરનાર અધિકારી | ૫૧ |

(૬) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાંસા ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરના ઉતારાના સંબંધિત પાનાની ખરી નકલ | ૧૮ |
| ૨. | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૧૯ |
| ૩. | કાલવણ પ્રાથમિક શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાના સંબંધિત પાનાની ખરી નકલ | ૨૩ |
| ૪. | ભોગ બનનારને શાળામાં દાખલ કરતી વખતે ભરેલ પ્રવેશ ફોર્મની ખરી નકલ | ૨૪ |
| ૫. | ભોગ બનનારના આંગણવાડી કેન્દ્ર છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ | ૨૫ |
| ૬. | ભોગ બનનારની જન્મ તારીખ અંગેનું કાલવણ પ્રાથમિક શાળાનું પ્રમાણપત્ર | ૨૬ |
| ૭. | ભોગ બનનારની સી.એચ.સી.હારીજની રીફર ચીટ | ૨૮ |
| ૮. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું ધારપુર હોસ્પિટલનું મેડીકલ સર્ટીફિકેટ તથા કેસ પેપર્સ | ૨૯ |
| ૯. | આરોપીની શારીરિક તપાસ અંગે સી.એચ.સી.હારીજને ત.ક.અમલદારે કરેલ યાદી | ૩૩ |
| ૧૦. | આરોપીના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો સી.એચ.સી.હારીજનો ફોરવર્ડીંગ લેટર | ૩૪ |
| ૧૧. | આરોપીની શારીરિક તપાસ અંગેનું સી.એચ.સી. હારીજનું મેડીકલ સર્ટીફિકેટ | ૩૫ |
| ૧૨. | ભોગ બનનારની શારીરિક તપાસ કરવા અંગે હારીજ સી.એચ.સી.ને ત.ક.અમલદારે કરેલ યાદી | ૩૭ |
| ૧૩. | ભોગ બનનારના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો સી.એચ.સી.હારીજનો ફોરવર્ડીંગ લેટર | ૩૮ |
| ૧૪. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું સી.એચ.સી. હારીજનું મેડીકલ સર્ટીફિકેટ | ૩૯ |
| ૧૫. | ફરીયાદ | ૪૨ |
| ૧૬. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૪૪ |
| ૧૭. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૫ |
| ૧૮. | ભોગ બનનારની શરીર સ્થિતીનું તથા બનાવ વખતે | ૪૬ |

| | | |
|---|---|---|
| | પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | |
| ૧૯. | આરોપી નં.૧ એ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ તે ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૭ |
| ૨૦. | આરોપી નં.૧ ની શરીર સ્થિતીનું તથા બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૮ |
| ૨૧. | મુદ્દામાલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામું | ૪૯ |
| ૨૨. | ડેપ્યુટ હુકમ | ૫૨ |
| ૨૩. | સૂચિપત્ર | ૫૩ |
| ૨૪. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ તળેનું નિવેદન નોંધવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ યાદી | ૫૪ |
| ૨૫. | કલમ વધારા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, હારીજને ત.ક.અમલદારે કરેલ યાદી | ૫૫ |
| ૨૬. | મુદ્દામાલ રવાનગી પત્રક | ૫૬ |
| ૨૭. | મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.અમદાવાદની પહોંચ | ૫૭ |
| ૨૮. | એફ.એસ.એલ.અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર | ૫૮ |
| ૨૯. | એફ.એસ.એલ. અમદાવાદનો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૫૯ |

(૭) ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક-૬૦ થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની પુરસીસ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ આપેલ છે.

(૮) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળ આરોપીઓનો વિશેષ ખુલાસો લેવામાં આવેલ. જેમાં આરોપીઓ સામે જે આક્ષેપો કરવામાં આવેલા, તે તમામ આક્ષેપોનો આરોપીઓએ ઈનકાર કરેલ. બચાવ પક્ષે આરોપીઓએ કોઇ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આરોપીઓએ જણાવેલ કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી અને તેઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯) ત્યારબાદ બન્ને પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની લંબાણ પૂર્વકની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૧૦) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી આયુની એટલે કે, સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૧ નાએ ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરી સાથે મોબાઈલ નંબરની આપ–લે કરી તેમજ સતત તેણીના સંપર્કમાં રહી, તેણીની સાથે લગ્ન કરવાના ઈરાદે અથવા તેણીને લગ્ન કરવાની ફરજ પાડવાના આશયથી તેણીને લલચાવી, ફોસલાવી અગર તો તેણીના અધિકારનો દુરપયોગ કરી બળજબરીપુર્વક તેણીના વાલીપણામાંથી અપહરણ, અપનયન કરી લઈ જઈ તેમજ આરોપી નંબર–૨ અને ૩ નાએ ગુનો કરવામાં મદદગારી કરી, આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭ સાથે વાંચતા કલમ–૫૪ તથા પોકસો એકટની કલમ–૧૧(૪) સાથે વાંચતા કલમ–૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલા છે ?

(૩) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૨ અને ૩ ની મદદગારીથી આરોપી નંબર–૧ નાએ પોતાનો ગુનાહિત ઈરાદો બર લાવવા સારૂં સગીર વયની ભોગ બનનારનું અપહરણ, અપનયન કરી લઈ જઈ, તેણીને ગેરકાયદેસર અટકાયતમાં રાખી, તેણીની સાથે અવાર નવાર બળાત્કાર કરી, તેણીનું અવાર નવાર જાતીય શોષણ કરી, જાતીય ગુનો આચરી, આરોપીઓએ ભારતીય

ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૪૨ સાથે વાંચતા કલમ–૫૪ તથા પોક્સો એક્ટની કલમ–૪(૨), ૫(એલ), ૬ સાથે વાંચતા કલમ–૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલા છે ?

(૪) શું હુકમ ?

**(૧૧)** આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોનું કાળજીપૂર્વકનું મુલ્યાંકન કરતા, ઉપરોક્ત મુદ્દાઓના **નિર્ણય** નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧) **નકારમાં.**
(૨) **નકારમાં.**
(૩) **નકારમાં.**
(૪) **અંતિમ હુકમ મુજબ.**

**–::: કા ર ણો :::–**

**મુદ્દા નંબર – ૧ ::–**

**(૧૨)** ફરીયાદ પક્ષ તરફે ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૧ તલાટી કમ મંત્રીશ્રી ભરતજી પ્રહલાદજી ઠાકોરની આંક–૧૭ ની જુબાની ધ્યાને લેતા, વાંસા ગ્રામ પંચાયતના સને–૨૦૦૭ ના અસલ રજીસ્ટરના પાના નંબર–૧૨ ઉપર અનુક્રમ નંબર–૨૫ થી ભોગ બનનારની જન્મની નોંધણી હોવાનું જણાવેલ છે. ભોગ બનનારની જન્મની નોંધણી તા.૨૨/૦૮/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ છે અને ભોગ બનનારની જન્મ તા.૦૮/૦૮/૨૦૦૭ ની અને જન્મ ઘરે થયેલ હોવાનું અને માહિતી આપનાર તરીકે ઠાકોર અરજણજી ખુમાજી લખેલ હોવાનું જણાવેલ છે અને આંક–૧૮ અને આંક–૧૯ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવ પક્ષ તરફે થયેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની જન્મની નોંધણી રજીસ્ટરમાં કરી ત્યારે તેઓ તલાટી કમ મંત્રી તરીકે હાજર ન હતા

અને રેકર્ડ ઉપરથી તેઓ પુરાવો આપે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના જન્મની નોંધણી જન્મના કોઇ પુરાવા વિના નોંધવામાં આવેલ છે. વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૨ ભોગ બનનારની પ્રાથમિક શાળાના આચાર્ય કૌશિકકુમાર કાંતિલાલ પંચાલને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતા, સને–૨૦૦૯ ના જનરલ રજીસ્ટર નંબર–૨ ના અનુક્રમ નંબર–૨૯૭ ઉપર ભોગ બનનારની નોંધ હોવાનું તથા જન્મ તા.૧૦/૦૭/૨૦૦૭ ની હોવાનું અને શાળામાં ધોરણ–૧ માં નવીન પ્રવેશ તા.૧૦/૦૭/૨૦૧૨ ના રોજ આપેલ તથા તા.૧૫/૦૬/૨૦૧૬ ના રોજ ધોરણ–૫ માં અભ્યાસ પુર્ણ થવાથી શાળા છોડેલ હોવાનું જણાવી આંક–૨૩ થી આંક–૨૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવપક્ષની ઉલટતપાસ ધ્યાને લેતા, ભોગ બનનારને તેમની શાળામાં પ્રવેશ આપવામાં આવેલ ત્યારે વાલીએ માત્ર પ્રવેશ ફોર્મ ભરેલ અને આંગણવાડીનો દાખલો દાખલો રજુ કરેલો. તે સિવાય જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હતુ તેમજ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની જન્મ તારીખ આંગણવાડીના પ્રમાણપત્ર તથા પ્રવેશ ફોર્મ આધારે લખેલી. વધુમાં, સ્વીકારેલ છે કે, શાળાના દાખલ કરવાના ફોર્મમાં વાલીની સહી કે અંગુઠો નથી. માતાનું નામ ખાલી છે અને વાલીનો અંગુઠો બાંધવામાં આવેલ નથી. વધુમાં, સાહેદ નંબર–૬ ભોગ બનનારના પિતાની આંક–૪૦ ની જુબાની ધ્યાને લેતા, ભોગ બનનાર તેમનું બીજા નંબરનું સંતાન છે. જેની જન્મ તારીખ તેઓને ખબર નથી. બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેમની ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૮ વર્ષ કરતા વધુની હતી તેમજ સ્વીકારેલ છે કે, બનાવ વખતે ભોગ બનનાર દિકરીના લગ્ન થઇ ગયેલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર દિકરીના જન્મની નોંધ કરાવવા તેઓ જાતે ગયેલા અને તેઓએ ભોગ બનનાર દિકરીની જન્મ તારીખ આશરે લખાવેલી અને શાળામાં પણ આશરે જન્મ તારીખ લખાવેલ હોવાનું જણાવેલ છે. તે જ રીતે, ભોગ બનનારના માતાની આંક–૪૧ ની જુબાની જોતા, તેઓએ પણ પોતાની જુબાનીમાં ઉપરોકત હકીકત ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ છે. આમ, ઉપરોકત પુરાવો જોતા, ભોગ બનનારનો જન્મ ઘરે થયેલ હોવાનું અને તેણીની જન્મ તારીખ આશરે લખાવેલ હોવાનું સ્પષ્ટપણે

જણાઇ આવે છે. તે સંજોગોમાં બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોઇ, **મુદ્દા નંબર–૧** નો ઉત્તર **નકાર**માં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ અને ૩ :–**

**(૧૩)** ઉપરોક્ત મુદ્દા નંબર–૨ અને ૩ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોઇ, પુનરાવર્તન ટાળવાના હેતુસહ આ બંને મુદ્દાઓની એક સાથે ચર્ચા કરવામાં આવે છે.

**(૧૪)** આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૮ ભોગ બનનારની આંક–૪૩ ની જુબાની ધ્યાને લેતા, બનાવ સને ૨૦૨૫ માં બનેલો. બનાવના અરસામાં તેણીને ઘરકામ બાબતે તેણીની માતા સાથે તકરાર થતા તેણી ઘરમાં કોઇને કહ્યા વગર રીસાઇને તેણીની બહેનપણીના ઘરે સુરત મુકામે જતી રહેલી. ત્રણેક મહિના બાદ તેણીને તેણીના માતા–પિતાની યાદ આવતા તેણી તેણીના ઘરે પરત આવેલી. તેણીને માતાએ પોલીસમાં ફરિયાદ કરેલ હોઇ તેઓ તેણીને પો.સ્ટે.લઇ ગયેલા અને પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલુ. પોલીસ તેણીને શારિરિક તપાસ માટે દવાખાને લઇ ગયેલ. દવાખાનામાં ડોકટર સાહેબે તેણીની બનાવ સંબંધે કોઇ પુછપરછ કરેલી નહી. દવાખાને તેણીની શારિરિક તપાસ ડોકટર સાહેબે કરેલી. પોલીસ તેણીને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે કોર્ટમાં લઇ ગયેલી. ત્યાં તેણીએ જજ સાહેબને પોલીસના કહેવા મુજબ નિવેદન લખાવેલુ હોવાનું જણાવી તેમજ બનાવ સમયે જે કપડા પહેર્યા હતા તે પોલીસ સમક્ષ રજુ કર્યા હોય તેવુ બનેલ નથી તેમ જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે તેમજ આંક–૪૪ થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન રજુ કરેલ છે. આમ, ભોગ બનનારે ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ, જેથી ફરીયાદ પક્ષે તેમને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે. પરંતુ, ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ઉલટાનું બચાવપક્ષની ઉલટ તપાસમાં ભોગ બનનારે સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેણીનું નામ સરનામુ

પુછેલુ તે સિવાયની હકીકત પોલીસે જાતે લખેલી. તેણીએ સ્વીકારેલ છે કે, આરોપી તેણીને ક્યાંય ભગાડી ગયેલ નથી કે તેણીની સાથે ખરાબ કામ કરેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, દવાખાનામાં ડોકટર સાહેબે તેણીને કંઇ પુછેલ નહી અને તેણીએ કંઇ જણાવેલ નહી. આમ, ભોગ બનનારની જુબાની જોતા, આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૫) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૬ ભોગ બનનારના પિતાની આંક-૪૦ ની જુબાની તથા સાહેદ નંબર-૭ ભોગ બનનારની માતાની આંક-૪૧ ની જુબાની ધ્યાને લેતા, બંને સાહેદોએ જણાવ્યા મુજબ, બનાવ સને ૨૦૨૫ માં થયેલો. બનાવના અરસામાં તેઓની ભોગ બનનાર દિકરીને ઘરકામ બાબતે તકરાર થતા તે ઘરમાં તેઓને કહ્યા વગર રીસાઇને ક્યાંક જતી રહેલી. તેઓએ તથા તેઓના કુટુબીજનોએ તેઓની ભોગ બનનાર દિકરીની આજુબાજુમાં તથા સગા સંબંધીમાં તપાસ કરેલી, પરંતુ તેઓની ભોગ બનનાર દિકરી મળી આવેલ નહી. જેથી ભોગ બનનારના માતાએ બનાવની ફરિયાદ પોલીસમાં આપેલી હોવાનું જણાવી આંક-૪૨ થી ફરીયાદ રજુ કરેલ છે. આમ, બંને સાહેદોએ ફરીયાદની હકીકતને સમર્થન આપેલ ન હોઇ, તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે. પરંતુ, ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ઉલટાનું બચાવપક્ષની ઉલટતપાસમાં બંને સાહેદોએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર દિકરી રીસાઇને બહેનપણીના ઘરે સુરત મુકામે જતી રહેલી. આરોપી ભોગ બનનારને લઇ ગયેલ નથી કે તેણીની સાથે કોઇ દુષ્કર્મ કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે. આમ, ભોગ બનનારના પિતા અને માતાના પુરાવાથી પણ આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ઉપરોકત ભોગ બનનાર તથા તેમના માતા-પિતાનો પુરાવો ધ્યાને લેતા, તેઓની જુબાનીથી આ કામના આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોઇ, ફરીયાદ પક્ષનો ઉપરોકત પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

(૧૬) વધુમાં, આ કામે ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ નંબર-૩

ડો.રૂત્વાબેન નરેન્દ્રભાઇ શાહની આંક–૨૭ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ તેઓ ધારપુર હોસ્પીટલમાં ઇમરજન્સી વિભાગમાં તેમની ફરજ પર હાજર હતી. તે દરમ્યાન સાંજના કલાક ૦૫.૫૬ વાગે ભોગ બનનારને બળાત્કાર લગત ગાયનેક તપાસણી માટે સી.એચ.સી. હારીજની રીફર ચીટ સાથે તેમની સમક્ષ લાવતા, તેઓએ ભોગ બનનારને ગાયનેક તપાસણી અર્થે તેમની હોસ્પીટલના ગાયનેકોલોજીસ્ટ ડો.પુનમબેન લોંઢે સા.નાઓ પાસે તપાસણી અર્થે મોકલી આપેલ તેમજ તેઓના અભિપ્રાય મુજબ ભોગ બનનારને મનોચિકિત્સક ડો.ચિતન રાવલ પાસે મોકલેલ તેમજ સોનોગ્રાફી માટે ડો.એચ.એમ.સાહેબ પાસે રીફર કરેલા. ત્યારબાદ સદર ડોકટરશ્રીઓએ ભોગ બનનારની તપાસણી કર્યા બાદ તપાસણી અંગેના રીપોર્ટ તેમને સોપેલા. જેથી તેમણે આ રીપોર્ટ ત.ક.અ.શ્રીને મોકલી આપેલ હોવાનું જણાવી આંક–૨૮ અને આંક–૨૯ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તેમણે ભોગ બનનારની કોઇ શારિરિક તપાસણી કરેલ નથી.

**(૧૭)** વધુમાં, ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદ નંબર–૪ ડો.ભુમિબેન ખુશાલભાઇ પરમારની આંક–૩૨ ની જુબાની ધ્યાને લેતા, તેઓ ગઇ તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ સા.આ.કેન્દ્ર હારીજમાં ઇમરજન્સી વિભાગમાં તેમની ફરજ પર હાજર હતી ત્યારે આરોપી દિપકકુમાર સર્જનસિંહ સોલંકીને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવતા, તેઓએ આરોપીની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તેમજ આરોપીના જણાવ્યા મુજબની હિસ્ટ્રી તેઓએ નોંધેલી તેમજ તેઓએ કરેલ આરોપીની શારિરિક તપાસણીની વિગતો જણાવેલ છે અને આરોપીના શરીરના ભાગે તપાસતા કોઇ ઇજાના નિશાન જણાઇ આવેલ નહી તેવુ જણાવી તેઓએ આરોપીના શરીર પરથી લીધેલ નમુનાની વિગતો જણાવેલ છે તેમજ આરોપી શારિરિક સંભોગ કરવા માટે સક્ષમ હોવાનો અભિપ્રાય આપેલ હોવાનું જણાવી આંક–૩૩ થી ૩૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીના શરીર પર બાહ્ય તેમજ

આંતરિક ભાગે ઈજાના કોઈ નિશાન જણાઈ આવેલ નહી.

(૧૮) વધુમાં, ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદ નંબર-પ ડો.રૂત્વી કેતનભાઈ ઠક્કરની આંક-૩૬ ની જુબાની ધ્યાને લેતા, તેઓ ગઈ તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ હારીજ સી.એચ.સી. ખાતે ઈમરજન્સી વિભાગમાં તેમની ફરજ પર હાજર હતી ત્યારે ભોગ બનનારને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવતા, તેઓએ ભોગ બનનારની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તથા ભોગ બનનારને બનાવની હીસ્ટ્રી પુછતા તેણીએ તેણીના શબ્દોમાં જણાવેલ કે, "ભોગ બનનાર તેના પિયરમાં રહે છે. લગભગ બાર મહિના પહેલા લગ્ન કરાવેલ હતા પરંતુ ત્યાં ગમતુ ન હોવાથી રીસાઈને પિયરમાં રહે છે. સાત આઠ મહિના પહેલા દિપક સર્જનસિંહ સોલંકી સાથે કાલવણ ગામમાં પાણી ભરવા જતા હતા ત્યારે મુલાકાત થઈ હતી. ત્રણ ચાર મહિના બંન્ને એ ફોનમાં વાત કરી. ધરેથી તા.૨૧.૦૧.૨૦૨૫ ના રોજ રાત્રે બાર વાગે બાઈકમાં નિકળ્યા. ત્યાંથી લાલા મુવાડી નણંદના ત્યાં ગયા. ત્યાં ચા પીને નિકળ્યા. અને છકડીયા મામાને ત્યાં ગયા. ત્યાં એક મહિનો ખેતરમાં રહ્યા. તા.૨૨.૦૧.૨૦૨૫ ના રોજ છકડીયામાં ખોડીયાર માના મંદિરમાં દિપક સાથે લગ્ન કર્યા હતા. છકડીયા એક મહિના રોકાયા બાદ ત્યાંથી પીપળીયા એમના સાસરીયામાં જિ.પંચમહાલ દસ દિવસ રહ્યા. પછી વીસ દિવસ છકડીયા, દસ દિવસ લાલા મુવાડી, પીપળીયા એક દિવસ , છકડીયા એક દિવસ, હાલોલ ત્રણ દિવસ રોકાયા. ત્યારબાદ દિપક બીમાર થતા છકડીયા પાછા આવ્યા. ત્યાં એક મહિનો રોકાયા બાદ પીપળીયા ગયા હતા. ત્યાં ત્રણ દિવસ રોકાયા. ત્યાંથી ધરનાએ ફરિયાદ કરેલ હોવાથી અમને પોલીસે પકડ્યા અને હારીજ પરત લાવેલા. તા.૧૩.૦૪.૨૦૨૫ ના રોજ લગભગ બાર વાગ્યા આસપાસ પોલીસે પકડ્યા હતા. આ દરમ્યાન તેમણે અવારનવાર પોતાની ઈચ્છાથી શારિરિક સંબંધ રાખેલ હતો દિપક સાથે. અને તે પોતાની મરજીથી દિપક સાથે ગયેલ હતા." વધુમાં, તેઓએ ભોગ બનનારની કરેલ શારિરિક તપાસણીની વિગતો જણાવેલ છે તેમજ ભોગ બનનારના ગુપ્ત ભાગે તપાસ કરતા ગુપ્ત ભાગે દેખીતી રીતે જોઈ શકાય તેવા

ઈજાના ચિન્હો તેમજ વિર્ય અને લોહીના ડાઘ જણાઈ આવેલ નહી તેમ જણાવી ભોગ બનનારના શરીર ઉપરથી લીધેલ સેમ્પલોની વિગતો જણાવેલ છે તેમજ ભોગ બનનારની ગાયનેક તપાસ તથા રેડીયોલોજીકલ તપાસ માટે ધારપુર હોસ્પીટલ ખાતે રીફર કરેલ હોવાનું જણાવી આંક–૩૭ થી આંક–૩૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, હીસ્ટ્રીમાં ભોગ બનનારે તેના લગ્ન બનાવના એકાદ વર્ષ પહેલા થયેલાનુ જણાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના શરીર પર કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલ નહી.

(૧૯) આમ, ઉપરોકત મેડીકલ ઓફિસરશ્રીઓની જુબાની ધ્યાને લેતા, તેઓએ પોતાની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ, જયારે ભોગ બનનાર તથા તેણીના માતા–પિતાએ આ કામના આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો રજુ કરેલ નથી ત્યારે ઉપરોકત પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

(૨૦) વધુમાં, આ કામે બચાવપક્ષ દ્વારા આંક–૪૫ થી આંક–૪૯ સુધીના દસ્તાવેજી પુરાવાને આંકે પાડી વંચાણે લેવા સામે વાંધો ન હોવાનો શેરો કરેલ છે અને દસ્તાવેજો કબુલ રાખેલ છે. પરંતુ, ભોગ બનનાર તથા તેણીના માતા–પિતાના પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળતી હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય, ત્યારે ઉપરોકત પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

(૨૧) વધુમાં, આ કામે ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ નંબર–૯ પી.આઈ. નિરવકુમાર અમૃતલાલ શાહની આંક–૫૧ ની જુબાની ધ્યાને લેતા, તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ તેઓ હારીજ પો.સ્ટે.માં પો.ઈન્સ.તરીકે તેમની ફરજ પર હતા. તે દિવસે આ કામના ફરિયાદીની પી.એસ.ઓ.હિતેશકુમાર નાઓના રૂબરૂની ફરિયાદ પી.એસ.ઓ.એ દાખલ કરી આ ગુનાની આગળની તપાસ ડેપ્યુટ હુકમ તથા સુચીપત્રથી તેઓને સોપતા તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. બે સ્વતંત્ર પંચો બોલાવી તેઓની હાજરીમાં સાહેદના બતાવ્યા મુજબનુ ગુનાવાળી જગ્યાનુ

પંચનામુ કરી લીધેલ. ભોગ બનનારની જન્મ તારીખ અંગેનુ પ્રમાણપત્ર મેળવી કામમાં સામેલ રાખેલ. સહ આરોપીઓના નામ ખુલતા તેઓને અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ. ભોગ બનનાર તથા મુખ્ય આરોપી મળી આવતા તેઓને પો.સ્ટે. લાવેલ. ભોગ બનનારનુ નિવેદન લીધેલુ. ભોગ બનનાર તથા આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા સારુ તજવીજ કરેલી. ભોગ બનનારનુ બી.એન.એસ. એસ.ની કલમ–૧૮૩ નુ નિવેદન લેવડાવવા સારુ નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. કલમ વધારા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. કલમ વધારા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. કબજે લીધેલ મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. રવાનગી નોંધ તૈયાર કરી મુદ્દામ માણસ દ્વારા એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. એફ.એસ.એલ.માંથી પાવતી આવતા કામમાં સામેલ રાખેલ. સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોઇ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી આંક–પર થી આંક–પ૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, સદર તપાસ કરનાર અધિકારીએ પોતે કરેલ કાર્યવાહીને પોતાની જુબાનીમાં દોહરાવી ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ, જયારે ભોગ બનનાર તથા તેણીના માતા–પિતાએ તેઓના પુરાવાથી ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી તથા આ કામના આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ નથી, ત્યારે ઉપરોકત પોલીસ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

**(૨૨)** આમ, બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની રજુઆતો તથા રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, આ કામના આરોપી નંબર–૧ ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડીને લઇ જઇ તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનો તથા આરોપી નંબર–૨ અને ૩ નાએ ગુનામાં મદદગારી કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે. પરંતુ, ખુદ ભોગ બનનાર તથા તેણીના માતાના પુરાવાથી

ફરીયાદ પક્ષના કેસની હકીકત લેશમાત્ર પુરવાર થતી નથી. પોક્સો એક્ટ અન્વયે આરોપી વિરુદ્ધ અનુમાન કરવાની જોગવાઈ છે. જો કે, આરોપી વિરુદ્ધ અનુમાન થઈ શકે તેવો પ્રથમદર્શનીય પુરાવો જ આવી શકેલ નથી. જેથી ફરીયાદ પક્ષ જયારે પુરાવો રજુ કરવામાં જ નિષ્ફળ જતા હોઇ, પુરાવાનું ખંડન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પ્રસ્તુત કામે જાતિય ગુનાનો આક્ષેપ હોઇ, ભોગ બનનારનો પુરાવો મહત્વનો માનવામાં આવે છે. આ કામે ભોગ બનનારના પુરાવામાંથી તેણીની સાથે આરોપી નંબર–૧ નાએ અપહરણ કરી શરીર સંબંધ બાંધેલો હોય તેવી કોઇ વિગતો આવી શકેલી ન હતી તેમજ સહઆરોપીઓએ આરોપી નંબર–૧ નાઓને ગુનો આચરવામાં મદદગારી કરેલ હોય તેવો પણ લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને ભોગ બનનારે મેજીસ્ટ્રેટ રૂબરૂ નોંધાવેલ આંક–૪૪ વાળુ નિવેદન પણ તેણીના પુરાવાથી પુરવાર થઇ શકેલુ ન હતુ. ભોગ બનનારે સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલુ ન હોય, તેણીના અગાઉના કોઇ નિવેદન કે ડોકટર સમક્ષની હિસ્ટ્રી આપોઆપ પુરાવામાં ગ્રાહય રહી શકે નહીં. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ, આ કામના આરોપીઓ સામે આંક–૧૨ થી ફરમાવેલ તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ, મુદ્ધા **નંબર–૨ અને ૩** નો ઉત્તર **નકાર**માં આપી **મુદા નંબર–૪** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરૂ છું.

## –:: હુ ક મ ::–

(૧) આ કેસના આરોપી નં.**(૧) દિપકકુમાર સર્જનસિંહ રયજીભાઇ સોલંકી,** રહે.પીપળીયા, બહુચર માતાજીના મંદિરની બાજુમાં, કાંકણપુર, તા.ગોધરા, જી.પાટણ, **(૨) મનોજ ફતેસિંહ છોટાભાઇ પરમાર,** રહે.લાલાના મુવાડા, સેવાલીયા, તા.ગળતેશ્વર, જી.ખેડા તથા **(૩) વિજયકુમાર મોહનભાઇ લાલાભાઇ બારીયા,**રહે.છકડીયા, તા.ગોધરા, જી.ખેડાવાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેમની સામેના ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૧૪૨, ૫૪ તથા પોકસો

એકટની કલમ–૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/ રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીઓની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીઓએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીઓએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ પાવતી નંબર–૨૮/૨૦૨૫ માં જણાવેલ મુદ્દામાલ મોટર સાયકલ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેવો હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલો ન હોય તો સદર મુદ્દામાલ મોટર સાયકલની માલિકી અંગેની ખરાઈ કરી તેના જે તે માલિકને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે બાકીના તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : **૧૮** મી, માહે : **માર્ચ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૩/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.

KBS.